| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૯/૧૦/૨૦૨૩ | | |
| રજીસ્ટ્રેશન તારીખ | ૦૯/૧૦/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | ૨૯/૦૮/૨૦૨૫ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૧૦ | ૨૦ |

सत्यमेव जयते

# મહેસાણાના ૬ઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજની કોર્ટમાં, મુ. મહેસાણા.

ફોજદારી રીવીજન અરજી નં. ૮૪/૨૦૨૩
આંક–

<u>અરજદાર (મુળ ફરિયાદી)</u>

પટેલ સતીષકુમાર ભગવાનદાસ,
ઉ.વ.આ.૪૫, ધંધોત ખેતી,
રહે, રણાસણ, તા. વિજાપુર, જી. મહેસાણા.

<u>વિરૂદ્ધ</u>

<u>સામાવાળા (મુળ આરોપી )</u>

(૧) યુવરાજ રાણા એન્ડ કંપની,
પ્રોપરાઇટર યુવરાજ રાણા વિપુલકુમાર વિસાજી,
ઠે, એફ,૨૭–૨૮, બલરામ શોપીંગ સેન્ટર,
બોરીયાના પેટ્રોલપંપ પાસે, બોરીયાના રોડ,
કલોલ,જી. ગાંધીનગર–૩૮૨૭૨૧

(૨) યુવરાજ રાણા,
પ્રોપરાઇટ એન્ડ ઓર્થોરાઇઝ સીગ્નેચર રાણા વિપુલકુમાર વિસાજી,
ઠે, એફ,૨૭–૨૮, બલરામ શોપીંગ સેન્ટર,
બોરીયાના પેટ્રોલપંપ પાસે, બોરીયાના રોડ,
કલોલ,જી. ગાંધીનગર–૩૮૨૭૨૧

(૩) ધી સ્ટેટ

<u>બાબત</u>: <u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૯૭,૩૯૯ અન્વયે રીવીજન અરજ.</u>

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ.વ.શ્રી એમ.એમ.પઠાણ. |
| સામાવાળા નં. ૧,૨ તરફે | : | ......... |
| સામાવાળા નં. ૩ તરફે | : | વિ.એ.પી.પી.શ્રી એસ.આર. પટેલ |

## –:: ચુ કા દો ::–

**૧.** અરજદારે આ અરજી ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૩૯૭,૩૯૯ અન્વયે દાખલ કરેલ છે.

**૨.** અરજદાર ફોજદારી કેસ નં. ૩૨/૨૦૨૨ના કામે મુળ ફરિયાદી છે તેમજ સામાવાળા નં.૧ અને ૨ વાળા ફોજદારી કેસના કામે મુળ આરોપીઓ છે. જેથી સરળતા ખાતર પક્ષકારોને તેમના ફોજદારી કેસના મુળ દરજ્જાથી, એટલે કે, અરજદારને 'ફરિયાદી' તથા સામાવાળા નં.૧ અને ૨ની આરોપી તરીકે હવે પછી આ હુકમમાં સંબોધવામાં આવેલ છે. વિજાપુરના વિ.અધીક સીવીલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીએ ફોજદારી કેસ નં. ૩૨/૨૦૨૨ ના કામે ફરિયાદ ડીસમીસ કરવાનો હુકમ તા.૨૯/૦૮/૨૦૨૩ના રોજ ફરમાવેલ છે તે હુકમથી નારાજ થઇ અરજદારે આ રીવીજન અરજ દાખલ કરેલ છે. જેથી સદરહું હુકમને વાદગ્રસ્ત હુકમ તરીકે હવે પછી આ હુકમમાં સંબોધવામાં આવેલ છે અને હુકમ ફરમાવનાર સબંધીત અદાલતને હવે પછી વિ.ટ્રાયલ અદાલત તરીકે સંબોધવામાં આવેલ છે.

**3.** અરજીની ટુંક હકીકત એવી છે કે, અરજદાર મોજે રણાસણ, તા.વિજાપુરના રહીશ છે અને ખેતીવાડી તથા જમીન લે–વેચનો વ્યવસાય કરે છે. આરોપી મોજે કલોલ મુકામે યુવરાજ રાણા એન્ડ કંપનીના પ્રોપરાઇટર છે અને ઓર્થોરાઇઝડ સીગ્નેટરી છે. ફરિયાદી તથા આરોપી ફરિયાદ દાખલ કર્યાના ત્રણેક વર્ષ અગાઉ પરિચયમાં આવેલા અને તેમના વચ્ચે મિત્રતાના સબંધો સ્થાપિત થયેલા. તા.૦૬/૦૭/૨૦૨૦ના રોજ આરોપી ફરિયાદીના ઘરે આવેલા અને જમીન ખરીદવા માટે રકમ રૂ.૨૩,૫૦,૦૦૦/– (રુપિયા ત્રેવીસ લાખ પચાસ હજાર પુરા) હાથ ઉછીનાની

માંગણી કરતાં, ફરિયાદીએ આર.ટી.જી.એસ. મારફતે ઉપરોકત રકમ આરોપીના ખાતામાં જમા કરાવેલ. તે સમયે આરોપીએ ફરિયાદીને તા.૦૯/૧૧/૨૦૨૧નો ચેક નં.૦૦૦૦૨૩ યુકો બેંક, કલોલ શાખાનો સહી કરી આપેલો અને ખાત્રી આપેલ કે, પાકતી તારીખે આ ચેક બેંકમાં ભરપાઈ કરેથી સ્વીકારાઈ જશે. આ ચેક ફરિયાદીએ પાકતી તારીખે બેંકમાં જમા કરાવતાં ચેક વણચુકવાયેલ પરત ફરેલ જેથી ફરિયાદીએ આરોપી વિરુધ્ધ ધી નેગો.ઈનસ્ટ્રુ.એકટની કલમ−૧૩૮ મુજબનો ગુનો આચર્યાની ફરિયાદ વિ.ટ્રાયલ અદાલત સમક્ષ દાખલ કરેલ. જે ફરિયાદ ફોજદારી કેસ નં.૩૨/૨૦૨૨ થી દાખલ થયેલ. ત્યારબાદ આ ફરિયાદ તા.૨૯/૦૮/૨૦૨૩ના રોજ ડીસમીસ કરવાનો હુકમ વિ.ટ્રાયલ અદાલતે ફરમાવતા તે હુકમથી નારાજ થઈ અરજદારે આ રીવીજન અરજ દાખલ કરેલ છે.

**૪.** અરજીમાં જણાવેલ છે કે, વિ.ટ્રાયલ અદાલતે વાદગ્રસ્ત હુકમ કરતાં પહેલા કાયદા અને હકીકતની મહત્વની ભુલ કરેલ છે, વિ.ટ્રાયલ અદાલતે અરજદાર દ્રારા જે પુરાવા રજુ કરવામાં આવેલ છે તેનું અર્થઘટન ખોટું કરી તે પુરાવો નહી માની વાદગ્રસ્ત હુકમ ફરમાવેલ છે, વિ.ટ્રાયલ અદાલતે તકરારી વિષય વસ્તુ સબબ યોગ્ય મુદા કાઢેલા નથી, જે મુદા કાઢેલા છે તે મુદાની છણાવટ રજુ થયેલ પુરાવાને ધ્યાને લીધા સિવાય યોગ્ય રીતે કરેલ નથી, વાદગ્રસ્ત હુકમ કાયદા તથા હકીકતના પ્રશ્નો વિરુદ્ધ ગેરકાયદેસર તથા અનઅધીકારનો છે, ફરિયાદીને પુરતો પુરાવો અને રજુઆત કરવાની તક પુરતા પ્રમાણમાં આપેલ નથી, વિ.ટ્રાયલ અદાલતે પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કરેલ નથી, ફરિયાદીનો પુરાવો માની તેના પર આધાર રાખી હુકમ કરવામાં ગંભીર પ્રકારની ભુલ કરેલ છે, વાદગ્રસ્ત કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધ છે, તેથી વિ.ટ્રાયલ અદાલતે તા.૨૯/૦૮/૨૦૨૩ના રોજ ફરિયાદ ડીસમીસ કરવાનો હુકમ કરેલ છે તે હુકમ રદ કરી ફોજદારી કેસ નં. ૩૨/૨૦૨૨ રીસ્ટોર કરી ગુણદોષ ઉપર ચલાવવાનો હુકમ ન્યાયના હિતમાં કરવા અરજ કરેલ છે.

**૫.** આ અરજી સબબ સામાવાળા નં.૧ અને ૨ ને નોટીસ કરવામાં આવતાં જે નોટીસ મુદત તારીખ ૨૨/૧૦/૨૦૨૪ ની સામાવાળાને બજવણી થયેલ છે પરંતુ સામાવાળા આ અરજીના કામે ઉપસ્થીત રહેલ નથી કે કોઈ જવાબ રજુ કરેલ નથી કે

અરજી વિરુધ્ધ કોઇ દલીલો કરેલ નથી. જયારે સામાવાળા નં.૩ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.આર. પટેલ ઉપસ્થીત થયેલ છે અને મુખ્યત્વે તકરાર ખાનગી પક્ષકારો વચ્ચે હોઇ ધી નેગો ઇન્સ્ટુ. એકટની જોગવાઇઓ ધ્યાને લઇ ન્યાયીક હુકમ ફરમાવવા દલીલ કરેલ છે.

**૬.** અરજદાર તર્ફેના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, અરજદાર મુળ ફરિયાદી છે, અરજદારે સામાવાળા નં.૧, ૨ વિરુધ્ધ ધી નેગો ઇન્સટુ. એકટની કલમ-૧૩૮ અન્વયેની ફરિયાદ વિ.ટ્રાયલ અદાલતમાં રજુ કરેલી જે ફોજદારી કેસ નં. ૩૨/૨૦૨૨થી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને આરોપીને પ્રોસેસ ઇશ્યુ કરવાનો હુકમ ફરમાવી દેવામાં આવેલ છે. તા.૨૯/૦૮/૨૦૨૩ના રોજ ફરિયાદી અદાલતમાં હાજર હતા તેમ છતાં ફરિયાદ ડીસમીસ કરવાનો હુકમ વિ.ટ્રાયલ અદાલતે ફરમાવેલ છે. કાયદાનુસાર ફરિયાદી હાજર ન હોય તો ફરિયાદ ડીસમીસ થાય. પરંતુ ફરિયાદી જાતે હાજર હોવા છતાં ફરિયાદ ડીસમીસ કરવામાં આવેલ છે. આ રીવીજનના કામે સામાવાળા નં.૧,૨ ની ફરિયાદમાં દર્શાવેલ સરનામે જ નોટીસની બજવણી થયેલ છે, આમ, સરનામું યોગ્ય છે પરંતુ આરોપીએ બજવણી ટાળવાના પ્રયત્નો કરેલ છે. મુળ ફોજદારી કેસ ગુણદોષ પર ચલાવવામાં આવેલ નથી અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ વાદગ્રસ્ત હુકમથી ફરમાવવામાં આવેલ નથી જેથી આ અદાલતનું આ રીવિજન અરજી ચલાવવા હકુમત પહોચે છે. જેથી વિ.ટ્રાયલ અદાલતે ફરમાવેલ વાદગ્રસ્ત હુકમ રદ ફરમાવી માંગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

**૭.** ઉપરોકત નોંધવામાં આવેલ છે તે રીતે સામાવાળા નં.૧,૨ એટલે કે આરોપીને આ રીવીજન અરજીની નોટીસ બજવણી થયેલ હોવા છતાં ઉપસ્થીત રહેલ નથી કે આ અરજી વિરુધ્ધ તકરાર ઉપસ્થીત કરી દલીલો કરેલ નથી.

**૮.** સાંભળ્યા. અરજી વંચાણે લીધી. અરજદાર તર્ફેના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રીની ઉપરોકત મુજબની દલીલો લક્ષ પર લીધી. આ રીવીજન અરજીનો અંતિમ ન્યાયીક નિર્ણય કરવા માટે આ અદાલત સમક્ષ નિચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે.

**// મુદા //**

૧. શું આ રીવીજન અરજી કાયદાનુસાર ટકી શકવાને પાત્ર (tenable) છે?

જવાબઃ હકારાત્મક,

૨. શું અરજદાર સાબિત કરે છે કે, અરજદારે દાખલ કરેલ ધી નેગો ઇન્સટુ. એકટ ની કલમ–૧૩૮ ના ગુના સબબની ફરિયાદ ડીસમીસ કરવાનો હુકમ વિ.ટ્રાયલ અદાલતે તા.૨૯/૦૮/૨૦૨૩ના રોજ ફરમાવેલ છે તે હુકમ કાયદાકીય રીતે ભુલભરેલ છે. ?

જવાબઃ હકારાત્મક,

૩. જો હા, તો અત્રેની કોર્ટે તેમાં હસ્તક્ષેપ કરવો જરુરી જણાય છે ?

જવાબઃ હકારાત્મક,

૪. શું હુકમ ?

જવાબઃ આખરી હુકમ મુજબ.

ઉપરોકત તારણો સબબના કારણો નિચે મુજબ છે.

**/// કારણો ///**

**મુદા નંબર ૧ થી ૩**

૯. અરજદારે આ અરજી ફોજદારી કાર્યરિત સંહિતાની કલમ–૩૯૭ અને ૩૯૯ અન્વયે દાખલ કરેલ છે. ફોજદારી કાર્યરિત સંહિતાની કલમ–૩૯૭ની જોગવાઇ લક્ષ પર લેવામાં આવે તો તેમાં ફેરતપાસ (રીવીજન) ની સત્તા વાપરવા માટે રેકર્ડ મંગાવવા સબબની જોગવાઇ કરવામાં આવેલ છે અને કલમ–૩૯૯માં સેસન્સ જજની ફેરતપાસ કરવાની સત્તાની જોગવાઇ કરવામાં આવેલ છે. કલમ–૩૯૭માં એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે હાઇકોર્ટ કે કોઇ સેસન્સ જજ પોતાની સ્થાનિક

હકુમતની અંદર આવેલ કોઇપણ નિચલી ફોજદારી કોર્ટે આપેલા કોઇ નિર્ણયના અથવા કરેલ કોઇ સજા કે હુકમના ખરાપણા, કાયદેસરતા કે ઔચિત્ય વિશે અને નિચલીકોર્ટની કોઇ કાર્યવાહી નિયમસર હોવા વિશે ખાત્રી કરવા માટે એવી કોર્ટ સમક્ષની કોઇપણ કાર્યવાહીનું રેકર્ડ મંગાવી તેને તપાસી શકશે. કલમ-૪૦૧ હેઠળ હાઇકોર્ટ વાપરી શકે તે તમામ કે કોઇપણ સત્તા સેસન્સ જજ વાપરી શકશે તેવી જોગવાઇ કલમ-૩૯૯માં કરવામાં આવેલ છે. કલમ-૪૦૦ માં અધીક કે વધારાના સેસન્સ જજ, સેસન્સ જજે સોંપેલા કેસ સામાન્ય કે ખાસ હુકમથી સોંપાયેલા કોઇ કેસ અંગે સેસન્સ જજની તમામ સત્તાઓ વાપરી શકશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. આમ તે રીતે વિ.ટ્રાયલ અદાલતના જે હુકમને રીવીજન અદાલત સમક્ષ પડકારવામાં આવેલ હોય તે હુકમના ખરાપણા, કાયદેસરતા કે ઔચિત્ય અંગે નિર્ણય રીવીજન અદાલતે કરવાનો રહે છે. વિ.ટ્રાયલ અદાલતમાં થયેલ કાર્યવાહી નિયમસર છે કે કેમ ? તે પણ રીવીજન અદાલત જોઇ શકે છે. વિ.ટ્રાયલ અદાલતનો નિર્ણય મહત્વની ભુલ ભરેલ હોય, કાયદાકીય જોગવાઇનું યોગ્ય અર્થઘટન થયેલ ન હોય, નિર્ણય પુરાવા કે રેકર્ડપરના મટીરીયલ આધારે ન હોય કે ન્યાયીક વિવેકાધીન સત્તા આપખુદ રીતે વાપરવામાં આવેલ હોય તો તેવા સંજોગોમાં રીવીજન અદાલતે વિ.ટ્રાયલ અદાલતના હુકમમાં હસ્તક્ષેપ કરવાનો રહે છે. નામ.શ્રી સુપ્રિમકોર્ટે અમીત કપુર વિ. રમેશ ચંદર અને બીજા (2012)9 SCC 460 ના ચુકાદામાં પેરા નં.૮માં ઠરાવેલ છે કે,

> 8. Before examining the merits of the present case, we must advert to the discussion as to the ambit and scope of the power which the courts including the High Court can exercise under Section 397 and Section 482 of the Code. Section 397 of the Code vests the court with the power to call for and examine the records of an inferior court for the purposes of satisfying itself as to the legality and regularity of any proceedings or order made in a case. The object of this provision is to set right a patent defect or an

error of jurisdiction or law. There has to be a well- founded error and it may not be appropriate for the court to scrutinize the orders, which upon the face of it bears a token of careful consideration and appear to be in accordance with law. If one looks into the various judgments of this Court, it emerges that the revisional jurisdiction can be invoked where the decisions under challenge are grossly erroneous, there is no compliance with the provisions of law, the finding recorded is based on no evidence, material evidence is ignored or judicial discretion is exercised arbitrarily or perversely. These are not exhaustive classes, but are merely indicative. Each case would have to be determined on its own merits.

ઉપરોકત ચર્ચા અને ઉપરોકત ચુકાદામાં સ્થાપિત સિધ્ધાંત નજરે રીવીજન અદાલત તરીકે આ અદાલતે એટલુંજ લક્ષ પર લેવાનું રહે છે કે, વિ.ટ્રાયલ અદાલતે જે વાદગ્રસ્ત હુકમ ફરમાવેલ છે તે હુકમ ખરો, કાયદેસર, ઔચિત્યયુક્ત છે કે કેમ ? તેમજ કાર્યવાહી નિયમસર છે કે કેમ ?

**૧૦.** અરજદાર એટલે કે મુળ ફરિયાદી દ્વારા જે હુકમને આ રીવીજન અદાલત સમક્ષ પડકારવામાં આવેલ છે તે હુકમ નીચે મુજબ છે.

"આજરોજ ફરિયાદી હાજર છે ફરિયાદીના વિ.વ.શ્રી ગેરહાજર છે. હાલની ફરિયાદ ફરિયાદીએ તા.૧૭/૦૧/૨૦૨૨ના રોજ આરોપી વિરુધ્ધ ધી નેગો ઈન્સટુ.એકટની કલમ–૧૩૮ મુજબ દાખલ કરેલ છે. ફરિયાદમાં જણાવેલ સરનામે આરોપીને પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવેલ જે વગર બજે પરત ફરેલ છે. તા.૨૧/૦૫/૨૨ના પરત ફરેલ સમન્સમાં આરોપી ભાડાના કોમ્પલેક્ષમાં પોતાનું કામકાજ કરતા હતા અને ખાલી કરી જતા રહેલ છે તેવો શેરો આવેલ

છે ત્યારબાદ તા.૩૧/૦૭/૨૩ના પકડ વોરંટમાં દુકાન બંધ કરી કયાંક ચાલ્યા ગયેલ છે તેવો શેરો આવેલ છે. આંક-૧૫ અને આંક-૧૬ થી આરોપીનું નવું સરનામું રજુ કરવા માટે ફરિયાદીને પુરતો સમય આપવામાં આવેલ પરંતુ આજદિન સુધી આરોપીનું સરનામું રજુ કરેલ નથી. ફરિયાદીને વધુ સમય આપવો ન્યાયોચિત જણાતો ન હોય હાલની ફરિયાદ ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે. "

ઉપરોકત વાદગ્રસ્ત હુકમ વંચાણે લેવામાં આવે તો જ્યારે વાદગ્રસ્ત હુકમ ફરમાવવામાં આવેલ તે સમયે ફરિયાદી અદાલત રુમમાં હાજર હતા પરંતુ આરોપીનું સરનામું રજુ કરવામાં નિષ્ફળ રહેલ હોવાથી ફરિયાદ ડીસમીસ કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ છે. આમ ફરિયાદીની ગેરહાજરીના કારણે ફરિયાદ ડીસમીસ કરવામાં આવેલ નથી.

**૧૧.** આ સબબ અરજદાર તર્ફેના વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, જે દિવસે વાદગ્રસ્ત હુકમ ફરમાવવામાં આવેલ તે દિવસે ફરિયાદી અદાલતમાં હાજર હતા વળી, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવેલ નથી જેથી આ અદાલતને આ રીવીજન અરજી નિર્ણીત કરવાની હકુમત પહોચે છે. આ રીવીજન અરજી સાથે રજુ કરવામાં આવેલ મુળ ફરિયાદની ખરીનકલ વંચાણે લેતાં એવું ફલીત થાય છે કે આરોપી વિરુદ્ધ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ-૨૦૪ અન્વયે પ્રોસેસ ઇશ્યુ કરવાનો હુકમ તા.૧૯/૦૧/૨૦૨૨ના રોજ ફરમાવી દેવામાં આવેલ છે જે હુકમને આરોપીએ આજદીવસ સુધી સક્ષમ અદાલતમાં પડકારેલ હોય અને હુકમ રદ કરવામાં આવેલ હોય તેવો આરોપીનો બચાવ નથી. વળી, વિ.ટ્રાયલ અદાલતે ફરિયાદીએ દાખલ કરેલ ફરિયાદના કામે આગળની કાર્યવાહી કરવા માટે પુરતુ કારણ ન હોવાનું અવલોકન કરી તેવો અભિપ્રાય આપી ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ-૨૦૩ અન્વયે ફરિયાદ કાઢી નાંખવાનો હુકમ ફરમાવેલ નથી કે તે હુકમ વિરુધ્ધ મુળ ફરિયાદીએ આ રીવીજન અરજ દાખલ કરેલ નથી પરંતુ ફરિયાદ ફોજદારી કેસ રજીસ્ટરે લીધા બાદ ઉપરોકત નોંધવામાં આવેલ છે તે રીતે ફરિયાદી આરોપીનું સરનામું રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે તેવા કારણસર ફરિયાદ કાઢી

નાંખવાનો હુકમ ફરમાવામાં આવેલ છે. વિશેષ ચર્ચા કરવામાં આવે તો વિ.ટ્રાયલ અદાલતે વાદગ્રસ્ત હુકમ કઇ જોગવાઇ અંતર્ગત ફરમાવેલ છે તેનો સ્પષ્પણે ઉલ્લેખ હુકમમાં કરેલ નથી. ધી નેગો ઇન્સ્ટુ.એકટની કલમ-૧૩૮ સબબની ફરિયાદ સમરી ટ્રાયલ અથવા તો સમન્સ ટ્રાયલ પધ્ધતીથી ચલાવવાની રહે છે. જેથી આ તબકકે ફોજદારી કાર્યરિતી સંહિતાના પ્રકરણ – ૨૦માં કલમ-૨૫૧ થી ૨૫૯ ની જોગવાઇ કરવામાં આવેલ છે તે આકર્ષાય છે. પ્રકરણ – ૨૦માં મેજીસ્ટ્રેટે સમન્સ કેસોની ઇન્સાફી કાર્યવાહી અનુસરવા સબબ જોગવાઇ કરવામાં આવેલ છે. પ્રકરણ – ૨૦માં એકમાત્ર કલમ-૨૫૬માં એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે, જે દિવસ પર ફરિયાદની સુનાવણી મુકરર કરવામાં આવેલ હોય તે દિવસે ફરિયાદી ગેરહાજર રહેલ હોય તો, જો મેજીસ્ટ્રેટને કોઇ કારણસર કેસની સુનાવણી કોઇ બીજા દીવસ ઉપર મુલત્વી રાખવાનું પોતાને યોગ્ય લાગે તે સિવાય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઇશે. સાથે સાથે એવી પણ જોગવાઇ આ કલમમાં કરવામાં આવેલ છે કે, ફરિયાદી વતી કોઇ વકીલ કે ફોજદારી કામ ચલાવનાર અધીકારી રજુઆત કરી રહ્યા હોય ત્યારે મેજીસ્ટ્રેટનો અભિપ્રાય એવો થાય કે ફરિયાદીએ જાતે હાજર રહેવાની જરુર નથી તો મેજીસ્ટ્રેટ તેની હાજરી વિના કેસની કાર્યવાહી આગળ ચલાવી શકશે. કલમ-૨૫૬ સિવાય પ્રકરણ- ૨૦માં ફરિયાદ કાઢી નાંખવા સબબ કોઇ જ જોગવાઇ કરવામાં આવેલ નથી. કલમ-૨૫૬ની જોગવાઇ લક્ષ પર લેવામાં આવે તો જે દિવસે સુનાવણી મુકરર કરેલ હોય તે દિવસે જો ફરિયાદી ગેરહાજર રહેલ હોય તો મેજીસ્ટ્રેટ ફરિયાદ કાઢી નાંખવાનો હુકમ કરી શકે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવી શકે છે. જયારે હાથપરના કિસ્સામાં વાદગ્રસ્ત હુકમ ફરમાવવામાં આવેલ છે તે દિવસે ફરિયાદી જાતે વિ.ટ્રાયલ અદાલત સમક્ષ હાજર છે. વળી, વિ.ટ્રાયલ અદાલતે વાદગ્રસ્ત હુકમ ફરમાવેલ છે તે હુકમથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ નથી. આમ વિ.ટ્રાયલ અદાલતે કરેલ વાદગ્રસ્ત નિર્ણય મહત્વની રીતે ભુલભરેલ હોવાનો જણાઇ આવે છે, કાયદાકીય જોગવાઇનું યોગ્ય અર્થઘટન કરવામાં આવેલ ન હોવાનું જણાઇ આવે છે. જેથી નામદાર શ્રી સુપ્રિમકોર્ટે અમીત કપુર (સુપ્રા.)ના ચુકાદામાં ઠરાવ્યા અનુસાર વાદગ્રસ્ત હુકમ વિરુદ્ધ રીવીજન અરજી ટકી શકવાને પાત્ર છે તેમ આ અદાલતનું માનવું છે.

**૧૨.** વિશેષમાં ચર્ચા કરવામાં આવે તો વિ.ટ્રાયલ અદાલતે વાદગ્રસ્ત હુકમમાં એવું અવલોકન કરેલ છે કે ફરિયાદમાં જણાવેલ સરનામે પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવેલ જે પ્રોસેસ આરોપી ભાડાના કોમ્પલેક્ષમાં પોતાનું કામકાજ કરતા હતા અને ખાલી કરી જતા રહેલ છે તેવા શેરો સાથે તેમજ પકડ વોરંટ દુકાન બંધ કરી કયાંય ચાલ્યા ગયેલ છે તેવા શેરા સાથે પરત ફરેલ છે. પરંતુ આ તબકકે એ નોંધવું પણ આવશ્યક છે કે આ રીવીજન અરજીની નોટીસ ફરિયાદમાં આરોપીનું જે સરનામું દર્શાવેલ છે તે જ સરનામે બજવણી થયેલ છે અને તે રીતે આરોપીએ ફોજદારી કેસની પ્રોસેસની પોતાના પર બજવણી ટાળવાનો પ્રયત્ન કરેલ છે અને તે પ્રયત્નમાં મહદઅંશે આરોપીને સફળતા પણ મળેલ છે તેવું જણાઈ આવે છે. ખરેખર આરોપી પર પ્રોસેસ બજવણી કરવાના વધારે પ્રયત્નો થવા જોઈતા હતા. ધી નેગો ઈન્સટુ.એકટની કલમ–૧૩૮ અન્વયે દાખલ કરવામાં આવતી ફરિયાદ ખાનગી ફરિયાદ છે અને સામાન્ય રીતે ઘણાં બધા કિસ્સામાં આરોપી પોતાના પર ફોજદારી કેસના પ્રોસેસની બજવણી ટાળવાના પ્રયત્નો કરતા હોય છે અને ઘણીવાર એમાં આરોપીને સફળતા પણ મળતી હોય છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ હાથપરનો કિસ્સો છે. સાથે સાથે ફોજદારી કેસની સમયસર ઈન્સાફી કાર્યવાહી ચાલે તે માટેના પ્રયત્નો થવા પણ જરુરી છે. જો ફરિયાદી ગેરહાજર રહી ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં અદાલતને સહકાર આપતા ન હોય તો અદાલત કાયદાનુસાર ફરિયાદ કાઢી નાંખવાનો હુકમ ફરમાવી શકે છે. પરંતુ હાથ પરના કિસ્સામાં સંજોગો તથા પરિસ્થીતી વિ.ટ્રાયલ અદાલત સમક્ષ અલગ હતા, ફરિયાદી જાતે વાદગ્રસ્ત હુકમ ફરમાવવામાં આવેલ તે દિવસે હાજર હતા, વળી, આ રીવીજન અરજીની નોટીસ બજવણી થયેલ છે તે પરથી એવું ફલીત થાય છે કે જે સરનામે ફરિયાદી દ્વારા વિ.ટ્રાયલ અદાલત સમક્ષ જાહેર કરવામાં આવેલ તે જ સરનામું આરોપીનું છે પરંતુ આરોપીએ ફોજદારી કેસના કામે પ્રોસેસની બજવણી ટાળવાના પુરતા પ્રયત્નો કરેલ છે તેવા સંજોગોમાં માત્ર ફરિયાદીની કશુરના કારણે ફોજદારી ઈન્સાફી કાર્યવાહી આગળ ચાલતી ન હતી તેમ કહેવું યોગ્ય ગણી શકાય નહી.

**૧૩.** આમ ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેવામાં આવે તો વિ.ટ્રાયલ અદાલતે જે વાદગ્રસ્ત હુકમ ફરમાવેલ છે તે હુકમ મહત્વની હકીકત સબબ ભુલ ભરેલ છે, વાદગ્રસ્ત હુકમ ફરમાવતા સમયે કાયદાની જોગવાઈનું યોગ્ય અર્થઘટન કરવામાં આવેલ નથી, ફરિયાદી અદાલતમાં હાજર હોવા છતાં ખાનગી ફરીયાદ ડીસમીસ કરવાનો હુકમ ફરમાવેલ છે અને તે રીતે અનુસરવામાં આવેલ કાર્યવાહી નિયમસર થયેલ ન હોવાનું હાથ પરના કિસ્સાની હકીકત તથા સંજોગો ધ્યાને લેતાં જણાઈ આવે છે. જેથી આ રીવીજન અરજીની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા આ અદાલતને હકુમત પહોચતી હોય, વાદગ્રસ્ત હુકમ ફરમાવેલ છે તેમાં કાયદાની મહત્વની ભુલ થયેલ હોવાનું જણાઈ આવતું હોય જો આ તબકકે તે હુકમમાં હસ્તક્ષેપ કરવામાં ન આવે તો ન્યાયનું હિત જોખમાય તેવું જણાઈ આવે છે. જેથી વાદગ્રસ્ત હુકમમાં આ અદાલતે હસ્તક્ષેપ કરવો જરુરી જણાય છે. પરિણામે મુદા નં.૧ થી ૩ નો જવાબ હકારાત્મક ઠરાવવામાં આવે છે અને મુદા નં.૪ પરત્વે નિચે મુજબ આખરી હુકમ ન્યાયના હિતમાં ફરમાવવામાં આવે છે.

**-: આ ખ રી હુ ક મ :-**

**(૧)** આ રિવીજન અરજી મંજુર કરવામાં આવે છે.

**(૨)** વિ.અધીક સીવીલજજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ. ફ .ક. શ્રી વિજાપુરના ઓએ ફોજદારી કેસ નં.૩૨/૨૦૨૨ના કામે તા.૨૯/૦૮/૨૦૨૩ના રોજ ફરમાવેલ ફરિયાદ ડીસમીસ કરવાનો હુકમ આથી રદ કરવામાં આવે છે.

**(૩)** વિ. ટ્રાયલ અદાલતે મુળ ફોજદારી કેસ નં. ૩૨/૨૦૨૨ વાળો ફરી તે જ નંબરથી રજીસ્ટરે લઈ પક્ષકારોને સુનાવણી કરવાની તક આપી કાયદાનુસારની કાર્યવાહી અનુસરવી.

**(૪)** પક્ષકારોને આદેશ કરવામાં આવે છે કે તેઓએ વિ.ટ્રાયલ અદાલત સમક્ષ તા. ૨૯/૦૯/૨૦૨૫ના રોજ ક.૧૧.૦૦ વાગે અચુકપણે ઉપસ્થીત રહેવું. જો પક્ષકારો પૈકી કોઈપણ પક્ષકાર આ હુકમનું પાલન કરવામાં નિષ્ફળ રહે તો વિ.ટ્રાયલ અદાલત કાયદાનુસારની યોગ્ય કાર્યવાહી અનુસરી શકશે.

**(૫)** સામાવાળા નં.૧ અને ૨ એટલે કે આરોપીને આથી આદેશ કરવામાં આવે છે કે, તેઓને પોતાનું કાયમી સરનામું તથા મોબાઈલ નંબર પ્રથમ મુદતે જ વિ.ટ્રાયલ

અદાલત સમક્ષ સોગંદનામાથી જાહેર કરવું. વિ.ટ્રાયલ અદાલતને જરુર જણાય તો આરોપીની હાજરી સુનિસ્ચીત કરવા આરોપીના જામીન લેવાનો હુકમ ફરમાવવા સ્વતંત્ર રીતે નિર્ણય કરી શકશે.

(૬) ખર્ચ સબંધે કોઈ હુકમ નથી.

(૭) આ હુકમની એક નકલ સબંધીત વિ.ટ્રાયલ અદાલતને તાત્કાલીક મોકલી આપવી.

હુકમ આજરોજ તા.૨૯મી ઓગષ્ટ, ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૨૯/૦૮/૨૦૨૫
સ્થળ: મહેસાણા.

**( સુશીલ ભગવંતરાય ભટ્ટ )**
૬ ઠ્ઠા એડીશ્નલ સેસન્સ જજ
મહેસાણા.
[UIC GJ00857]

*(P.A/ M.M.Farooqui)*